RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 168 * Date: 08.04.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## પાકિસ્તાનમાં ભયાનક માર્ગ અકસ્માત, બસ પલટી જતા ૧૧ મુસાફરોના મોત



પાકિસ્તાનના પંજાબ પ્રાંતનાં જારણવાલામાં આજે (૭ એપ્રિલ) ભયાનક માર્ગ અકસ્માત થયો છે, જેમાં ઓછામાંઓછા ૧૧ લોકોના મોત થયા છે. અકસ્માતમાં મહિલાઓ અને બાળકોએ પણ જીવ ગુમાવ્યા છે. એવું કહેવાય છે કે, થ્રી-વ્હિલર વાહન અથડાયા બાદ પેસેન્જર બસના ડ્રાઈવરે બસ પર કાબુ ગુમાવ્યો હતો અને પલટી મારી ગઈ હતી. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ અકસ્માત ત્યારે થયો જ્યારે એક પેસેન્જર બસ ઝરાંવાલાથી લાહોર જઈ રહી હતી. બસ એક વાહન સાથે અથડાઈ હતી, જેના કારણે બસ રોડ પરથી ઉતરી ગઈ અને પલટી ગઈ હતી. આ અકસ્માતમાં આઠ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તો પૈકી ત્રણનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે. ઘાયલોમાં કેટલાકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

અકસ્માત બાદ સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કાર્યમાં મદદ કરી હતી. સ્થાનિક લોકોએ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવામાં પણ મદદ કરી હતી.પંજાબ પ્રાંતના મુખ્યમંત્રી મરિયમ નવાઝે આ દુઃખદ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે અને મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે અધિકારીઓને ઈજાગ્રસ્તોને સારી તબીબી સુવિધાઓ આપવા પણ કહ્યું છે. આ અકસ્માતથી સમગ્ર પંજાબમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે.

## નવી નીતિથી ભારતીય નિકાસકારોમાં વેપાર ઘટવાની દહેશત

આજકાલ ટ્રમ્પના ટેરિફની ચર્ચા વિશ્વભરમાં બહુચર્ચિત બની છે. ટેરિફ યુદ્ધના કારણે બુલિયન કોમોડિટીઝમાં લાલચોળ તેજી છવાઈ છે. સોનાના ભાવો નેવું હજારની અને ચાંદીના ભાવો ૯૪૦૦૦ ની પાર કરી ગયા છે. ટ્રમ્પ ટેરિફના કારણે વિશ્વભરના વેપારના સમીકરણો દરરોજ બદલાઈ રહ્યા છે. ભારતીય નિકાસકારોના પેટમાં પાણી રેડાયું છે. જોકે સ્થાનિક નિકાસકારોના જણાવ્યા મુજબ ટ્રમ્પ ટેરિફની જાહેરાતો થઈ છે પરંતુ ડોક્યુમેન્ટલી હજુ સુધી કઈ ચીજ ઉપર કેટલી જકાત લાગશે તેની કોઈ સ્પષ્ટતા થઈ નહિ હોવાથી હાલમાં વેઈટ એન્ડ વોચની સ્થિતિ છે. જોકે ઉંચા વેરાઓના કારણે ભારતીય નિકાસકારોમાં અફડાતફડીનો માહોલ છવાયો છે. ઉંચા ટેક્ષ સ્લેબના કારણે નિકાસકારોના માર્જીન ઘટવાના અને વૈશ્વિક સ્તરે વેપારની હરિફાઈમાં પણ તકલીફો પડવાની ભીતિ સેવાઈ રહી છે. અમેરિકાએ ભારત, ચીન, વિયેટનામ સહિત દુનિયાના ૬૦ ઉપરાંત દેશો ઉપર નવા ઉંચા વેરા લાદવાનું એલાન કરેલ છે. ભારતીય ઉત્પાદનો ઉપર ૨૬ ટકા આસપાસ ટેરિફ લાદવાની વાત છે. જો નિકાસ થતી અનેક ચીજો પૈકી કેટલીક ચીજો ઉપર મામુલી જકાત અથવા કેટલીક ઉપર મામુલી વધારો કરવામાં આવી રહ્યો હોવાની બજાર વર્તુળોમાં ચર્ચા છે. ભારત સરકારની પણ



આ મામલે અમેરિકા સાથે વાર્તાલાપ પ્રક્રિયા ચાલું છે. જોકે ટેરિફના પગલાંને કારણે ભારતીય મસાલા ક્ષેત્રની નિકાસ સ્પર્ધા, સપ્લાય વ્યવસ્થા તેમજ લાંબા ગાળાના વેપારો ઉપર પણ નેગેટીવ અસરો પડવાની ભીતિ છે. ભારતીય મસાલાનું અમેરિકામાં ખૂબ ચલણ છે. અહેવાલો પ્રમાણે વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન અમેરિકામાં ભારતીય મસાલાની કુલ નિકાસ વધીને ૧.૧૨ લાખ ટન ઉપરાંતની થઈ હતી. જેનાથી ભારતને લગભગ પાંચ હજાર કરોડ રૂપિયા ઉપરાંતની આવક થઈ હતી. જેના કારણે અમેરિકન બજાર ભારતીય નિકાસકારો માટે અત્યંત મહત્વનું બની ગયું છે.ભારતીય ખાદ્ય ચીજો ઉપરાંત આયર્ન-સ્ટીલ અને એલ્યુમિનિયમ પ્રોડક્ટસનો પણ અમેરિકા સાથે વેપાર બહોળા પ્રમાણમાં છે. ટ્રમ્પે પચીસ ટકા વધારાની ટેરિફ લાદી હોવાથી ભારતથી રવાના થઈ ગયેલ હજારો શિપમેન્ટને ગંભીર અસરો ઉભી થવાની દહેશત છે. અમેરિકન બાયરો પણ પ્રાઈઝ સેટલમેન્ટની રાહ જોઈ રહ્યા હોવાથી મોટાભાગના ઓર્ડરો વેઈટ એન્ડ વોચની સ્થિતિમાંઆવી ગયા છે. ઘણા અમેરિકન બાયરો તથા ભારતીય સપ્લાયરો પણ ઉભી થનાર પરિસ્થિતિ સામે પારસ્પરિક સમાધાનથી ઉકેલ લાવવાની દિશામાં જઈ રહ્યા છે.

## જામનગરમાં બે દિવસમાં ૪ લોકો ગુમ, મહિલા-બાળક સહિત બેંકના કર્મચારીને શોધવા પોલીસની તપાસ તેજ







જામનગર જિલ્લામાં છેલ્લા બે દિવસમાં બાળક સહિત ચાર લોકો ગુમ થયા હોવાની ઘટના સામે આવી છે. અચાનક જ એક બાળક, એક મહિલા અને બે પુરુષ ગુમ થવાની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાતા પોલીસે તેમની શોધખોળ શરૂ કરી છે. જામનગર શહેરમાંથી એક મહિલા તેના બાળક સાથે ગુમ થઈ છે. તો ખાનગી બેંકનો એક કર્મચારી પણ ગઈકાલથી લાપતા છે. બીજી તરફ જિલ્લામાંથી પણ એક વ્યક્તિ ગુમ થયાની ફરિયાદ નોંધાઈ છે.જામનગર શહેરમાં ખેતીવાડી ફાર્મ નજીક ઇન્દિરા કોલોની શેરી નંબર પાંચમાં રહેતી મનીષાબેન સુરેશભાઈ ખીમસુરીયા નામની ૩૦ વર્ષની પરિણીતા ગુમ થઈ છે. તે ગઈકાલે પોતાના ઘરેથી પોતાના ચાર વર્ષના પુત્ર ધાર્મિકને લઈને એકાએક ક્યાંક ચાલી ગઈ છે. જેથી પરિવારજનો દ્વારા સગા સંબંધી સહિત અનેક સ્થળોએ તપાસ કરાવી હતી, પરંતુ મનિષાબેનનો કોઈ પત્તો લાગ્યો ન હતો, જેથી પરિવારજનોમાં ચિંતા પ્રસરી છે. મનીષાબેનના પતિ સુરેશભાઈ ખીમસુરીયાએ જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં તેમની પત્ની ગુમ થયાની નોંધ કરાવતાં પોલીસે શોધખોળ હાથ ધરી છે.

## વડોદરા કોર્પોરેશન દ્વારા ઉમેદવારોને નિમણૂક પત્રો નહીં અપાતા ફરી દેખાવો સાથે રજૂઆત

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વર્ગ-ત્રણ સંવર્ગની ૫૫૨ જગ્યા માટે અગાઉ પરીક્ષા લેવામાં આવી હતી. જેમાંથી ઉમેદવારોની પસંદગી થયા બાદ વેઈટિંગ લિસ્ટ મુજબ બાકી રહેલા ૮૦ જેટલા ઉમેદવારોને હજી સુધી નિમણૂક પત્ર અપાયા નથી. આવા બાકી રહેલા ઉમેદવારોએ આજે કોર્પોરેશન ખાતે આવીને ફરીવાર માગણી સાથે દેખાવો કર્યા હતા અને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વર્ષ ૨૦૨૩ ઓક્ટોબર માસમાં પરીક્ષા લીધી હતી, અને એ પછી પાસ થયેલા ઉમેદવારોને નિમણૂકો આપવામાં આવ્યા હતા. જેમાં છેલ્લે વેઈટિંગ લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું, અને ૮૦ જેટલી જગ્યા માટે ડોક્યુમેન્ટ વેરીફીકેશનની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ નિમણૂક પત્ર આપી દેવા સરકારમાંથી સૂચના આપવામાં આવી હતી, એ પછી અનેક રજૂઆત કરવા છતાં હજી સુધી નિમણૂક પત્ર આપવામાં આવ્યા નથી. ઉમેદવારોએ કહ્યું હતું કે અમે ગઈ ૧૭મી માર્ચે રજૂઆત કરવા



આવ્યા હતા, ત્યારે અમને પંદર દિવસની બાંયધરી આપવામાં આવી હતી, એ વાતને આજે ૨૦ દિવસ થયા છે. અમે જ્યારે તે સમયે પૂછ્યું ત્યારે વહીવટી પ્રક્રિયાનું બહાનું કાઢવામાં આવ્યું હતું. હવે જો અમને સંતોષકારક જવાબ નહીં મળે તો ફરી મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવા જવું પડશે તેમ જણાવ્યું હતું.

## ગાજણવાવ ખાતે સેવા કેમ્પ(વિસામો) યોજાયો



આઈશ્રી ખોડીયાર માતાજી મંદિર (માટેલ)ખાતે પગપાળા દર્શને જતાં પદયાત્રીઓ માટે માનવ ધર્મ સેવા ગ્રુપ ગાજણવાવ દ્વારા સેવા કેમ્પનું આયોજન કરવામાં આવતા આ કેમ્પમાં ચા,પાણી,નાસ્તો,લીંબુ શરબત,ન્હાવા ધોવાની વ્યવસ્થા,મેડીકલ સુવિધા ઉપરાંત પાકા ભોજનની પણ વ્યવસ્થા ઉભી કરાઈ હતી. કેમ્પ દરમ્યાન સેવા કેમ્પના આયોજક માનવ સેવા ગ્રુપે સતત ખડેપગે રહી પદયાત્રીઓની જય માતાજીના નાદ સાથે સુવિધા પુરી પાડી હતી.

## જીવરાજ પાર્ક બ્લાસ્ટ કેસની તપાસ માટે ટીમના ધામા, ઘરમાં બ્યુટેન ગેસના ૧૩૦૦ કેન હતા

અમદાવાદના જીવરાજ પાર્ક ચાર રસ્તા નજીક જ્ઞાનદા સોસાયટીમાં રવિવારે છઝ ગોડાઉનમાં ભયંકર આગ લાગી હતી. આગ લાગ્યા બાદ મકાનમાંથી એક બાદ એક ૧૦થી વધુ બ્લાસ્ટ થયા હતા. આ ઘટનામાં એક મહિલા અને તેના પુત્રનું મૃત્યુ થયું છે, જ્યારે અન્ય કેટલાક લોકો દાઝી ગયા છે. રવિવારે લાગેલી આગની ઘટનાની તપાસ માટે ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને સેમ્પલ એકઠા કર્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે સ્પાર્ક અથવા ગેસમાં લીકના



કારણે આગ લાગી હોવાનું સામે આવ્યું છે. બનાવના સ્થળે ૧૩૦૦થી વધુ બ્યુટેન ગેસના કેન ઘરમાં સ્ટોર કરેલા હતા. ઉલ્લેખનીય છે કે ફાયર બ્રિગેડની એક ટીમ ફરીથી ઘટનાસ્થળે પહોંચી હતી. કારણ કે પડોશીના ઘરની અંદર હજુ પણ આગ હતી. આ બ્લાસ્ટના કારણે આસપાસના મકાનો અને વાહનો પણ બળીને ખાક થઈ ગયા હતા, જેથી સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.પ્રાથમિક માહિતી અનુસાર રહેણાક મકાનમાં જ છઝનું ગોડાઉન બનાવી દેવામાં આવ્યું હતું જેમાં આગ લાગી હતી. આગ લાગવાના સાથે મકાનમાં એક બાદ ૧૦થી વધુ વખત બ્લાસ્ટ થયા જેના કારણે સ્થાનિક રહીશોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ભીષણ આગની જ્વાળાઓએ આસપાસના વાહનોને પણ પોતાની ઝપેટમાં લીધા હતા. આ ઘટનામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની બેદરકારી પણ ઉડીને આંખે વળગી રહી છે.

## બગસરા ખાતે સુંદરકાંડ પાઠ યોજાયો



*સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી સેવા સંન્યાસ આશ્રમ-બગસરા ખાતે સુંદરકાંડ પાઠ શ્રી નિર્દોષાનંદજી ના શિષ્ય સ્વામી શ્રી ભોલાનંદ સરસ્વતીજીની અધ્યક્ષતામાં આ પાઠનું બગસરા તેમજ આસપાસના વિસ્તારના સત્સંગીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સમૂહ પાઠ કરી ધન્યતા અનુભવી હતી.*

## તંત્રી લેખ.......

# ટ્રમ્પના ટેરિફની આગ

શેરબજારમાં વર્ષનો બીજો મોટો ઘટાડો જોવા મળ્યો છે. સેન્સેક્સ ૩૨૦૦ પોઈન્ટ (૪.૨૦%) ઘટીને ૭૨,૧૫૦ની આસપાસ ટ્રેડ થઈ રહ્યો છે.નિફ્ટી ૧૦૦૦ પોઈન્ટ (૪.૫૦%) ઘટ્યો છે. એ ૨૨,૦૦૦ની નીચે ટ્રેડ થઈ રહ્યો છે. અગાઉ ૪ જૂન, ૨૦૨૪ના રોજ બજારમાં ૫.૭૪%નો ઘટાડો થયો હતો.સેન્સેક્સના તમામ ૩૦ શેર નીચા ભાવે ટ્રેડ થઈ રહ્યા છે. ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ અને ઈન્ફોસિસના શેર લગભગ ૧૦% ઘટ્યા છે. સેક્ટોરલ ઈન્ડેક્સમાં નિ્ટી મેટલ સૌથી વધુ ૮% ઘટ્યો છે. આઈટી, ઓઈલ અને ગેસ અને હેલ્થકેર ઈન્ડેક્સમાં લગભગ ૭%નો ઘટાડો થયો છે. ઓટો, રિયલ્ટી અને મીડિયા ઈન્ડેક્સ ૫%થી વધુ ઘટ્યા છે.ટ્રમ્પનો પારસ્પરિક ટેરિફ: અમેરિકાએ ભારત પર ૨૬% ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. ભારત ઉપરાંત ચીન પર ૩૪%, યુરોપિયન યુનિયન પર ૨૦%, દક્ષિણ કોરિયા પર ૨૫%, જાપાન પર ૨૪%, વિયેતનામ પર ૪૬% અને તાઈવાન પર ૩૨% ટેરિફ લાદવામાં આવશે. ચીને અમેરિકા પર પણ ૩૪% ટેરિફ લાદ્યો: ચીને શુક્રવારે અમેરિકા પર ૩૪% બદલો ટેરિફ લાદવાની જાહેરાત કરી.

# વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલની ઉપસ્થિતમા, સુબિર તાલુકાના લવચાલી અને કસાડબારી ખાતે રસ્તાઓના ખાતમુહર્તનો કાર્યક્રમ યોજાયો

આહવા-ડાંગ

ગુજરાત વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલની ઉપસ્થિતમા તારીખ ૦૫ એપ્રિલના રોજ સુબિર તાલુકાના લવચાલી અને કસાડબારી ખાતે પંચાયત, માર્ગ અને મકાન વિભાગના એસ.એમ.જી. એસ. વાય તેમજ કિશાન પથ યોજના અંતર્ગત સુબીર, લવચાલી, કસાડબારી, મહાલ, લહાન કડમાળ અને ઈસખંડી વી. એ રોડ રસ્તાઓ જે કુલ રૂપિયા ૬૯૬.૮ લાખના ખર્ચે નિર્માણ થનારા વિવિધ રસ્તાઓનું ખાતમુહૂર્ત કરાયું હતું.

સુબિર તાલુકા વિસ્તારના પ્રતિનિધિઓ તેમજ લોકો દ્વારા રસ્તાની માંગણીને ધ્યાને લઈ સુબિર તાલુકાના મહત્વના રસ્તાનું ખાતમુહર્ત કરાયું છે. જે રસ્તાઓ સ્થાનિક લોકો માટે ખુબ જ ઉપયોગી સાબિત થશે તેમ વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે આ પ્રસંગ જણાવ્યું હતું. તેમજ ચોમાસાં પહેલા આ રસ્તાઓ પુર્ણ કરવા ઈજારાદારોને સુચના આપી હતી. ડાંગ જિલ્લાના ૩૧૧ ગામોમાં શિક્ષણ, આરોગ્ય, પાણી, જેવી પ્રાથમિક સુવીધાઓ સાથે સારી સપાટીના રસ્તાઓ બને તે માટે સંકલ્પ કર્યો છે તેમ પણ શ્રી વીજયભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું.

સુબિર તાલુકાના પંચાયત માર્ગ અને મકાન વિભાગ હસ્તકના ૧) લવચાલી ઘાણા રોડ કી.મી ૦/૦ થી ૪/૦ કિ.મી જેની વહીવટી મંજુરીની રકમ ૧૨૮.૦૦ લાખ, ૨) લવચાલી વી.એ.રોડ કી.મી ૦/૦ થી ૧/૦ કિ.મી જેની વહીવટી મંજુરીની રકમ ૪૦.૦૦ લાખ, ૩) સુબીર શિવબારા શેપુઆંબા વારસા રોડ કી.મી ૨૦/૮૮૫ થી ૨૫/૨૬૫ કિ.મી જેની વહીવટી મંજુરીની રકમ ૩૦૦.૦૦ લાખ, ૪) કસાડબારી હાડોળ રોડ કી.મી ૦/૦ થી ૪/૪૦ કિ.મી જેની વહીવટી મંજુરીની રકમ ૧૪૦.૦૦ લાખ, ૫) મહાલ વી.એ રોડ કી.મી ૦/૦ થી ૧/૦ કિ.મી જેની વહીવટી મંજુરીની રકમ ૩૯.૦૦ લાખ, ૬) લહાન કડમાળ વી.એ રોડ કી.મી ૦/૦ થી ૧/૦ કિ.મી જેની વહીવટી મંજુરીની રકમ ૩૭.૦૦ લાખ, ૭) ઈસખંડી વી.એ રોડ કી.મી ૦/૦ થી ૦/૮૦ કિ.મી જેની વહીવટી મંજુરીની રકમ ૧૨.૮૦ લાખ જે કુલ ૬૯૬.૮ લાખના ખર્ચે નિર્માણ થનારા રસ્તાઓના રીસરર્ફેસીગની કામગીરી માટે વિધાનસભા નાયબ દંડકશ્રીએ ખાતમુહૂર્ત કર્યુ હતું.

આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, બાંધકામ સમિતિ અધ્યક્ષ શ્રી ચંદરભાઈ ગાવિત સહિતના જિલ્લા અને તાલુકાના સદસ્યો, ગુજરાત પ્રદેશ આદિજાતિ મોરચાના મંત્રી શ્રી સુભાષભાઈ ગાઈન, ભાજપા મહામંત્રી શ્રી રાજુભાઈ ગામિત સહિત પંચાયત, માર્ગ અને મકાન વિભાગના અધિકારીશ્રીઓ તેમજ સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરા ખાતે ડાયરો યોજાયો



વડોદરા ખાતે આવેલ હુલડીયા હનુમાન મંદિરે રામનવમી પર્વ નિમિત્તે લોકડાયરો અને મહા પ્રસાદીનું આયોજન કરવામાં આવતા મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ આ ધાર્મિક પ્રસંગનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી

## પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર સાહેબની

# ધન્ય ધરા ગુજરાતમાં કોંગ્રેસ પક્ષનું રાષ્ટ્રીય અધિવેશન તારીખ ૮ અને ૯ એપ્રિલએ અમદાવાદ યોજાશે

પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર સાહેબની ધન્ય ધરા ગુજરાતમાં કોંગ્રેસ પક્ષનું રાષ્ટ્રીય અધિવેશન અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે આજથી ૧૦૦ વર્ષ પહેલા દેશની આઝાદીની લડાઈ માટે કોંગ્રેસની વિચારધારા યોગ્ય ગણી મહાત્મા ગાંધીજી કોંગ્રેસના પ્રમુખ બન્યા હતા અને સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતીનું વર્ષ ૨૦૨૫ છે ત્યારે તારીખ ૮ અને ૯ એપ્રિલએ ગુજરાતમાં કોંગ્રેસ પક્ષનું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ યોજાશે. વર્ષ ૧૯૬૧ પછી એટલે કે ૬૪ વર્ષ પછી ગુજરાત રાજ્યમાં એઆઈસીસીનું અધિવેશન મળી રહ્યું છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિએ કોંગ્રેસ પક્ષની સર્વોચ્ચ સમિતિ છે જેનું પ્રથમ અધિવેશન વર્ષ ૧૮૮૫માં મળ્યું હતું. વર્ષ ૧૯૩૮માં ગુજરાતમાં યોજાયેલ હરીપુરા અધિવેશનથી ભારતની આઝાદીના મુળિયા રોપવામાં આવ્યા હતા. ઐતિહાસિક હરીપુરા અધિવેશનમાં કોંગ્રેસે ભારત માટે પૂર્ણ સ્વરાજ (સંપૂર્ણ સ્વતંત્રતા) નો ઠરાવ પાસ કર્યો હતો. તારીખ ૮ એપ્રિલે ૨૦૨૫ના રોજ શાહીબાગના સરદાર સાહેબના ઐતિહાસિક ‘સરદાર સ્મારક’માં સવારે ૧૧:૩૦ કલાકે મહત્વની ‘કોંગ્રેસ વર્કિંગ કમિટી’ની બેઠક યોજાનાર છે.

ગુજરાતમાં યોજાનાર ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ (ઝઉઝ) માં કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી મલ્લિકાર્જુન ખડગેજી, લોકસભા વિપક્ષના નેતાશ્રી રાહુલ ગાંધી, કોંગ્રેસ સંસદીય પક્ષના નેતાશ્રી સોનિયા ગાંધી, કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ, રાજ્યોના પ્રદેશ પ્રમુખશ્રીઓ, કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્યશ્રીઓ, ઉપસ્થીત રહેશે.૮૬માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં કોંગ્રેસના વિશેષ આમંત્રિત સભ્યો પણ ભાગ લેશે. તા.૮ એપ્રિલના રોજ સાંજે ૫ કલાકે પૂજ્ય બાપુના સાબરમતી આશ્રમ ખાતે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વરિષ્ઠ નેતાશ્રીઓ, કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્યશ્રીઓ પ્રાર્થના સભામાં હાજર રહેશે. તારીખ ૮ એપ્રિલના રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે તેમાં કોંગ્રેસ વર્કિંગ કમિટીની સહીત તમામ સભ્યો ઉપસ્થિત રહેશે. તારીખ ૯ એપ્રિલના રોજ ઐતિહાસિક સાબરમતી તટે કોંગ્રેસ પક્ષનું રાષ્ટ્રીય અધિવેશન યોજાશે. જેમાં સમગ્ર દેશમાંથી ૩૦૦૦થી વધુ ડેલીગેટ ઉપસ્થિતિ રહેશે. સરદાર સાહેબ ગુજરાત કોંગ્રેસના પ્રથમ અને સૌથી લાંબા સમયના પ્રમુખ તરીકે રહ્યા હતા જેથી ગુજરાતમાં આયોજિત રાષ્ટ્રીય અધિવેશનનું વિશેષ મહત્વનું છે. ગુજરાત આખા દેશને શું આપશે તે અંગે લોકોમાં ઉત્સાહ છે. જે પ્રમાણે તૈયારી થઈ રહી છે તે ગુજરાત અને દેશને નવી દિશા આપશે. રાષ્ટ્રીય અધિવેશનની યજમાનીએ ગુજરાત કોંગ્રેસ માટે ખુબ જ ગૌરવપૂર્ણ બાબત છે.

- તા.૮.૦૪.૨૦૨૫: સવારે ૧૧:૦૦ કલાકે
  કોંગ્રેસ કાર્યકારીણીની બેઠક (સીડબલ્યુસી) - સરદાર સ્મારક, શાહીબાગ
- તા.૮.૦૪.૨૦૨૫: સાંજે ૫:૦૦ કલાકે
  પ્રાર્થના સભા- સાબરમતી આશ્રમ ખાતે
- તા.૮.૦૪.૨૦૨૫ સાંજે ૭:૪૫ કલાકે
  સાંસ્કૃતિક કાર્યક્રમ, સાબરમતીના તટે – રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર
- તા.૯.૦૪.૨૦૨૫ સવારે ૯:૦૦ કલાકે
  રાષ્ટ્રીય અધિવેશન- સાબરમતીના તટે, અમદાવાદ

ગુજરાતમાં અગાઉ યોજાયેલ ઐતિહાસિક અધિવેશનોની વિગત
વર્ષ અધિવેશન અધ્યક્ષ સ્થાને
૧૯૦૨ અમદાવાદ સુરેન્દ્રનાથ બેનર્જી
૧૯૦૭ સુરત રાસ બિહારી ઘોષ
૧૯૨૧ અમદાવાદ હકીમ અજમલ ખાન
૧૯૩૮ હરીપુરા સુરત નેતાજી સુભાષ ચંદ્ર બોઝ
૧૯૬૧ ભાવનગર નીલમસંજીવ રેડ્ડી.

# ઉનાળામાં પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ

★રાજ્યમાં હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત ૨૦૭ જળાશયોમાં★

★૫૭ ટકાથી વધુ જળ સંગ્રહ : જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજી બાવળીયા★

..............................

? ★ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૬૧ ટકાથી વધુ પાણીની જથ્થો★

? ★દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૬૨ ટકાથી વધુ જળ સંગ્રહ★

? ★મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૫૬.૨૧ ટકા જળ સંગ્રહ★

? ★સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૪.૪૪ ટકા જળ સંગ્રહ★

? ★કચ્છના ૨૦ જળાશયોમાં ૪૧ ટકાથી વધુ જળ સંગ્રહ★

..............................

★ગત વર્ષે આ સમયે ૨૦૭ જળાશયોમાં ૫૦.૮૪ ટકા જળ સંગ્રહ હતો★

..............................

રાજ્યમાં ચાલુ વર્ષે ચોમાસામાં સાર્વત્રિક અને પૂરતા પ્રમાણમાં વરસાદ થયો હોવાના પરિણામે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૭ ટકાથી વધારે જળ સંગ્રહ છે જેમાંથી ઉનાળની સીઝનમાં નાગરિકોને જરૂરી પાણી ઉપલબ્ધ કરવામાં આવશે. ગત વર્ષે આ સમયે એટલે કે, તા. ૦૭ એપ્રિલ-૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૫૦.૮૪ ટકા જળ સંગ્રહ હતો. આ વર્ષે ઉનાળાની સીઝનમાં રાજ્યના જળાશયોમાં પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ છે તેમ, જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજી બાવળીયા વિગતો આપતાં કહ્યું હતું.

મંત્રી શ્રી કુંવરજીભાઈએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે સુઝલામ સુફલામ્ જળ સંચય અભિયાન,નલ સે જલ અભિયાન જેવા જળ સંચયના અનેક અભિયાનો શરૂ કર્યા હોવાથી જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાત આત્મનિર્ભર બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા ‘કેચ ધ રેઈન’ના આહવાનને સાકાર કરવા ગુજરાતમાં ‘કેચ ધ રેઈન- સુજલામ સુફલામ જળ અભિયાન ૨.ઁ’નો મહેસાણાના દવાડાથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. જળસંચયનું આ મહાઅભિયાન તા. ૪ એપ્રિલ થી ૩૧ મે-૨૦૨૫ સુધી રાજ્યભરમાં યોજાશે.

મંત્રીશ્રીએ વર્તમાનમાં રાજ્યમાં જળાશયોની સ્થિતિ અંગે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૬૧.૯૫ ટકા પાણી ઉપલબ્ધ છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૬૨ ટકાથી વધુ જળ સંગ્રહ, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૫૬.૨૧ ટકા જળ સંગ્રહ, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૪.૪૪ ટકા જળ સંગ્રહ, કચ્છના ૨૦ જળાશયોમાં ૪૧ ટકાથી વધુ અને ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૪.૯૫ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ છે.

જળ સંપત્તિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ જણાવ્યું હતું કે, મોરબી ખાતે આવેલું મચ્છુ-૩ જળાશય હાલમાં પણ ૧૦૦ ટકાથી વધુ ભરાયેલું છે. જ્યારે ૨૧ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા, ૪૪ જળાશયો ૫૦ થી ૭૦ ટકાથી વધુ, ૭૪ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. માત્ર ૬૭ જળાશયો એવા છે જેમાં ૨૫ ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે. આ ઉપરાંત સરદાર સરોવર ડેમમાં ૨,૫૦૫, વણાકબોરી ડેમમાં ૩,૭૦૦ તેમજ કડાણા ડેમમાં ૧,૭૪૨ કયુસેક પાણીની આવક ચાલુ છે. ઉનાળા દરમિયાન રાજ્યમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નાગરીકોની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં પાણી પુરૂ પાડવામાં આવશે તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# પાટણમાં વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતીની માંગ:ક્રીડા ભારતી સહિત વિવિધ સંસ્થાઓએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું






પાટણમાં ક્રીડા ભારતી ગુજરાત પ્રાંત અને વિવિધ સંસ્થાઓના નેજા હેઠળ વ્યાયામ શિક્ષકોએ મોટી સંખ્યામાં એકત્રિત થઈ રેલી યોજી હતી. શિક્ષકોએ સૂત્રોચ્ચાર સાથે કલેક્ટર કચેરી સુધી રેલી કાઢી આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.છેલ્લા દોઢ દાયકાથી ગુજરાત રાજ્યની સરકારી અને અનુદાનિત શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની ભરતી થઈ નથી. હાલમાં હંગામી ધોરણે નિમાયેલા ખેલ સહાયકોને ૧૧ માસના કરાર પૂર્ણ થતાં છૂટા કરી દેવાયા છે. આ શિક્ષકો છેલ્લા ૨૦ દિવસથી ગાંધીનગરમાં ગાંધી ચીધ્યા માર્ગે આંદોલન કરી રહ્યા છે.ક્રીડા ભારતીએ તેમની માંગણીઓમાં જણાવ્યું કે પ્રાથમિક શાળાઓમાં ૫૦૭૫ જેટલી શારીરિક શિક્ષણની ખાલી જગ્યાઓ કાયમી ધોરણે ભરવામાં આવે. દ્દઈૅ ૨૦૨૦માં શારીરિક શિક્ષણને વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસ માટે મહત્વનું ગણવામાં આવ્યું છે.સમર્થ ભારતની સંકલ્પના, ખેલ મહાકુંભ અને આગામી કોમનવેલ્થ તથા ઓલિમ્પિક સ્પર્ધાઓને ધ્યાનમાં રાખીને દરેક શાળામાં વ્યાયામ શિક્ષકની નિમણૂક આવશ્યક છે. આથી સરકાર કાયમી ભરતી અંગે વિચારણા કરે તેવી માંગણી કરવામાં આવી છે.ક્રીડા ભારતી ગુજરતા ના મંત્રી ડો .ચિરાગ પટેલ જણાવ્યું હતું કે આગામી સમય માં માંગ નહિ સ્વીકારવામાં આવે તો આગામી સમયમાં સરકાર ગંભીર રીતે નહિ વિચારે તો ક્રીડા ભારતી તમામ સંગઠનો સાથે મળી અમારી યોજના ઘડી સરકાર સામે કેવી રીતે પુરી કરાવી તે દિશા માં વિચારીશું એમ જણાવ્યું હતું

# લઘુતમ તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો: નગરમાં ગરમીનો પારો આગળ વધ્યો: તાપમાન ૪૨.૫ ડિગ્રી



ગરમીનું જોર વધશે તેવી હવામાન વિભાગની આગાહી સાચી પડી રહી હોય તેમ નગરના મહત્તમ તાપમાનમાં સતત થઈ રહેલા વધારા પરથી લાગી રહ્યું છે. રવિવારે નગરનું મહત્તમ તાપમાન ૪૨.૫ ડીગ્રીએ પહોંચ્યું છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં નગરનું લઘુત્તમ તાપમાનમાં ૩ ડીગ્રીનો વધારો થતાં રવિવારે લઘુત્તમ તાપમાન ૨૪.૬ ડીગ્રી નોંધાતા રાત્રે ઠંડકની આશા હવે ઘટી હોય તેમ લાગી રહ્યું છે.

હિટવેવની આગાહી સાથે સોમવારથી યલો એલર્ટ હવામાન વિભાગે આપ્યું છે. ત્યારે ગરમીનો વધારો છેલ્લા બે દિવસથી થઇ રહ્યો છે. આથી બે દિવસમાં નગરના મહત્તમ તાપમાનમાં ૨.૬ ડીગ્રીનો વધારો થયો છે. આથી રવિવારે સીઝનની સૌથી આકરી ગરમીનો અનુભવ નગરવાસીઓએ કર્યો હતો. કેમ કે રવિવારે નગરનું મહત્તમ તાપમાન ૪૨.૫ ડીગ્રી નોંધાયું હતું. નગરમાં ગરમીનું જોર વધતા તેની સીધી અસર નગરના લઘુત્તમ તાપમાન ઉપર જોવા મળી રહી છે. ગત શનિવારે નગરનું લઘુત્તમ તાપમાન ૨૧.૬ ડીગ્રીની સામે રવિવારે નગરનું લઘુત્તમ તાપમાનમાં ૩ ડીગ્રીનો વધારો થતાં લઘુત્તમ તાપમાનનો પારો ૨૪.૬ ડીગ્રીએ અટક્યો હતો. આકાશમાંથી વરસી રહેલી અગનવર્ષાને પગલે નગરના વાતાવરણમાં ભેજના પ્રમાણમાં પણ ઘટાડો નોંધાયો છે. રવિવારે નગરના વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ ૪૮ ટકા નોંધાયું હતું. જ્યારે સાંજે ભેજનું પ્રમાણ ૩૭ ટકા નોંધાયું હતું.

# સેટેલાઇટમાં પુત્રએ માતા પાસે પૈસા માગ્યા તો પિતાએ ઠપકો આપ્યો, નારાજ પુત્રએ મારામારી કરી

માતા પાસે રૂપિયા માગી રહેલા પુત્રને પિતાએ ઠપકો આપતા મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. પુત્ર એ પિતાને ગાળો બોલીને માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સમી સાંજે પુત્રએ પિતા પર હુમલો કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા, જ્યારે પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.સેટેલાઇટ વિસ્તારમાં આવેલા રાજીવનગરમાં રહેતા મનસુખ કટારીયાએ સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં પુત્ર દીપ કટારીયા વિરૂદ્ધ હુમલાની ફરિયાદ કરી છે. મનસુખ કટારીયા મુળ જામનગર જિલ્લાના વતની છે અને છેલ્લા ઘણા સમયથી અમદાવાદમાં રહે છે. મનસુખ કટારીયા પત્નિ કુસુમ, દીકરો દીપ અને રોનક સાથે સંયુક્ત પરિવારમાં રહે છે અને નોકરી કરીને ગુજરાન ચલાવે છે.

ગઈકાલે મનસુખ કટારીયા સહપરિવાર સાથે ઘરે હાજર હતા. ત્યારે દીપે તેમની સાથે બબાલ શરૂ કરી હતી. દીપ તેની માતા કુસુમબેન પાસે રૂપિયા માંગતો હતો દરમિયાન મનસુખ કટારીયાએ દખલગીરી કરી હતી અને દીપને કહ્યુ હતું કે, તારે પૈસા શું કરવા છે. મનસુખ કટારીયા બોલતાની સાથે જ દીપ ગુસ્સે ભરાયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો. જેથી ગાળો બોલવાની ના પાડતા દીપે તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આજે તો તમને જાનથી મારી નાખવાના છે તેમ કરીને દીપ મનસુખ કટારીયાને માર મારવા લાગ્યો હતો. મનસુખ કટારીયાએ બુમાબુમ કરતા આસપાસના લોકો દોડી આવતા દીપ ત્યાંથી નાસી ગયો હતો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO: 182**
વિષય: ચૈત્ર નવરાત્રી
શીર્ષક: બોલો જગદંબે
પ્રકાર:પદ્ય શબ્દો: ૯૦

કુમકુમ પગલે આવિયા મા અંબે બોલો જગદંબે,
અવનિએ બિરાજિયા મા અંબે બોલો જગદંબે.... કુમકુમ પગલે આવિયા..

આંગણિયા લીંપાવો, ઘરઘર દીવડાં પ્રગટાવો,
કુસુમ વેરો દ્વારે દ્વારે તોરણિયાં બંધાવો.
હેતે પૂરાવો સાથિયા મા બોલો અંબે જગદંબે.. કુમકુમ પગલે આવિયા....

સરખે સરખી સાહેલી ઘૂમે ગરબાનાં તાલે,
ગબ્બર ગોખે ભક્તજનોનાં ઢોલ મંજીરા વાગે,
આભે અમીરસ છાંટિયા મા અંબે બોલો જગદંબે.... કુમકુમ પગલે આવિયા...

ચટકિયાળી ચૂંદડી મા સોળે સજી શણગાર,
દશે દિશાએ ગુંજતો મા પાયલનો રણકાર,
નોરતાં શોભાવિયા મા અંબે બોલો જગદંબે...
કુમકુમ પગલે આવિયા મા અંબે બોલો જગદંબે,
અવનિએ બિરાજિયા મા અંબે બોલો જગદંબે.....
ઈશ્વરી ડૉક્ટર "ઈશ" અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 390**
વિષય :- ચૈત્રી નવરાત્રિ
શિર્ષક :- કુમારિકા ( શક્તિ સ્વરૂપ)
પ્રકાર :- પદ્ય શબ્દો :- ૫૭
કુમારીનું શક્તિ સ્વરૂપ

કુમારી કન્યા નિર્મળ, શક્તિની ઝાંખી,
પવિત્ર રૂપે દેવીની અંજલી આાંખી.
નવરાત્રિમાં પૂજાય, ફૂલથી શૃંગાર,
ભક્તોના મનમાં, ઉજ્જવલ અહંકાર.
અણખીલ્યા કલી જેવી, નિખિલ સૌમ્ય છબી,
સાત્વિક તેજે ઝળકે, દિવ્ય અનુભવી.
શ્રદ્ધાની ધારા સે, પાવન કરે જગ,
કુમારી માતા સદા, દે દુઃખોને વિસર્જન મગ.
અખંડ બ્રહ્માંડની, આ એક રહસ્યમયી લીલા,
કુમારી શક્તિથી, ભરપૂર છે શુભ શીલા!......

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS-106**
વિષય-ચૈત્રી નવરાત્રી
શબ્દ-૨૯૬ શીર્ષક- સાત્વિકતાની સાંકળ
નવરાત્રિ? નવરાત્રિઓનો સમૂહ!

રોજ રાત તો પડે જ છે. અંધારું થાય જ છે. એવાં મધરાતનાં અંધારાંની બીક પણ લાગે છે. માની હૂંફ શોધીએ છીએ. જિંદગીમાં પણ નકારાત્મકતાનું અંધારું આપણને હેરાન કરે છે,ત્યારે ઉત્સવ ત્યોહાર ઉજવી આનંદથી ઉજાસ અનુભવીએ છીએ. નવરાત્રિના દિવસો એટલે માની આરાધના.

નવરાત્રિ વર્ષમાં ચાર વખત આવે છે. આષાઢી-આસો-મહા-ચૈત્ર. છે.રૂતુ પ્રમાણે દરેક નવરાત્રિના દિવસોનું અલગ અલગ મહત્વ છે.

"આસોનાં નોરતાં" સૌથી મોટાં નોરતાં આ દિવસોમાં આખો દેશ એક યા બીજી રીતે માતાની ઉપાસના કરે છે.

"મહા" મહિનાનાં નોરતાં
માઈ ભક્તો માટે મહત્વનાં છે.

"આષાઢી નોરતાં"- સાધક જે તંત્ર/મંત્રથી માતાની આરાધના કરતા હોય. આ નોરતાંને ગુપ્ત નવરાત્રિ કહે છે.

"ચૈત્રી નોરતાં".નું મહત્વ છે જ. "ઓખાહરણ" વાંચી,વ્રત-ઉપાસના કરી,નવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે.

શિવ અને શક્તિની એકાત્મકતાની ઉજવણી એજ ચૈત્રી નવરાત્રીનું મહત્વ છે. દૈવી શક્તિ - શિવની આરાધના સાથે નૃત્ય કરી,શિવ/શક્તિનું ઐક્ય બ્રહ્માંડને અર્પણ કરે છે.

આવી દૈવી શક્તિનો અનુભવ કરવા લોકો - જપ,તપ,આરાધન,કરી માને રીઝવી જિંદગીના નકારાત્મકતાના અંધકારને દૂર કરવા કોશીશ કરે છે.

રડતું બાળક મા પાસે જાય!તેમ દુંખી જન આ ચૈતરી નોરતાંમાં માતાને આરાધે છે.સુખ અને શક્તિ અને શાંતિ મેળવવા રૂતુ પ્રમાણે ખાન/પાન/આચરણ કરી માને આરાધે છે.

દરેક રીતે આનંદ ઉજવવા "રામનવમી"નો દિવસ પણ ચૈત્રી નોરતાંના નવમે દિવસે છે.

પંજુરીની પ્રસાદી,કડવા લીમડાની ચટણી,કડવા લીમડાના મોરનું શરબત, નમક નિષેધ
વિવિધ વાનગીઓ આપણા આયુર્વેદને,આપણા સંસ્કારોને ચૈત્રી નવરાત્રિમા ચોક્કસ ઉજાગર કરે છે.

સાત્વિકતા જ ચૈતરી નોરતાંનુ મહત્વ સમજાવે છે.

આપણે ઉનાળાના ધખધખતા તાપમાં પણ તામસિક જીવન જીવશું,તામસિક ખોરાક ખાશું તો પણ "મા"આપણેને માફ કરી સુખ જ પ્રદાન કરશે.
આપણને શું જોઈએ છે? આપણે નક્કી કરવાનું છે.
એટલે જ આપણે ચૈતરી નવરાત્રિ જેવા દિવસો શોધી માને રીઝવવા કોશીશ કરીએ છીએ.
"કુપુત્રો જાયેત ક્વચિદપિ કુમાતા ન ભવતિ".
મુક્તિદા કુમાર "મનચલી"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SSO NO:229**
વિષય: ચૈત્રી નવરાત્રિ
શિર્ષક: નવદુર્ગાનાં નવલાં રૂપો
પ્રકાર. : પદ્ય. શબ્દો: ૩૦૦

અનાદિકાળથી પૃથ્વી પર જ્યારે દાવન દાનવોનો ત્રાસ વધે ત્યારે દેવદેવીઓ પોતાની પવિત્ર ફરજોના ભાગરૂપે સર્વે સજીવોની રક્ષા કાજે અને દૈત્યના સંહાર માટે નવલા રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે. સમગ્ર સૃષ્ટિની પરીક્ષા ત્યારે થાય છે જ્યારે પૃથ્વી નકારાત્મક પ્રવૃત્તિઓ, પાપો અને અત્યાચારનો ભાર સહન ન કરી શકે તો સજીવોના જીવન અને હકારાત્મક પ્રવૃત્તિની રક્ષા કાજે દેવદેવીઓ ચમત્કાર સર્જીને મંગળમય જીવનદાન સર્વેજીવોને આપે છે.

સદીઓ પહેલાથી પ્રભુને સજીવોની રક્ષા અને પ્રગતિ માટે ક્યારેક દેવો તો ક્યારેક દેવીઓના સ્વરૂપે અવતાર લઈને સુભગ સમતુલા જાળવવી પડેલી છે. અનાદિકાળમાં મહિષાસુર નામના રાક્ષસે શિવજીની ભક્તિથી પ્રેરાઈને આખરી તપ કરી અમર બનવાનું રાવણની જેમ જ વરદાન મેળવેલું હતું.

મહિષાસુરનું અભિમાન ચરમશીમાએ પહોંચતા પ્રજાના જાનમાલનો તે ભક્ષક બની ત્રાસ વર્તાવા લાગ્યો હતો. તેનાથી અકળાઈને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ભેગા થઈ માં જગદંબા પાસે ગયા.પ્રજાની કફોડી પરિસ્થિતિ જાણી નવદુર્ગાના મનમાં માયા અને કરુણાની સરવાણી વહેતી થઈ માતાજીએ આ ભેંસની મુખાકૃતિ ધરાવતા રાક્ષસનો સંહાર કરવાનો સંકલ્પ લીધો.

ચૈત્ર માસના શુભ એકમના દિવસે માતાજીએ શૈલપુત્રી, બીજના દિવસે બ્રહ્મચારીણી, ત્રીજના ચંદ્રઘંટા,ચોથે કુષ્માંડા, પાંચમમે સ્કંદમાતા, છઠના દિવસે કાત્યાયની, સાતમે કાલ- રાત્રી,આઠમે મહા-ગૌરી અને નોમના દિવસે સિદ્ધિદાત્રીના સ્વરૂપો ધારણ કરીને મહિશાસુરને નવ દિવસ ચાલેલા યુદ્ધમાં આખરે હરાવ્યો. ત્યારથી આ નવે દિવસો ચૈત્રી નવરાત્રી તરીકે ઓળખાય છે.

આ ચૈત્રી નવરાત્રીમાં ભક્તો માતાજીના વિવિધ સ્વરૂપોની સેવા-પૂજા,ભજન-કીર્તન, જપ- તપ,આરતી-અનુષ્ઠાન દ્વારા ભક્તિભાવ પૂર્વક વંદના કરે છે. આસો માસની નવરાત્રી જેવો જ માહોલ અને મહત્વ ધરાવતી આ ચૈત્રી નવરાત્રીમાં ખૂબ પવિત્ર વાતાવરણ સર્જાય છે.

સર્વે ભાવિક ભક્તો દ્વારા માતાજીની અતુલનિય શક્તિની આરાધના મંદિરોમાં,પોતાને ઘેર કે ધર્મસ્થાનોમાં અનુષ્ઠાન દ્વારા મંત્રોચ્ચાર,આરતી સાથે સ્તુતિ-પાઠના ભવ્ય આયોજન કરવામાં આવે છે. વળી આ માસમાં મહાવીર-જયંતિ, ગુડફ્રાઈડે અને આંબેડકર જયંતિ જેવા મહત્વના વાર-તહેવારો આવતા હોવાથી સૃષ્ટિની રોનક અધિકારી ખીલી ઊઠે છે.

★ લેખક - "પ્રાપાશી" પરેશ મ. પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOGSS No.: 0141***
★વિષય: "ચૈત્રી નવરાત્રી"★
★શીર્ષક: "માડી તારાં, નવલાં નોરતાં!"★
★પ્રકાર: પદ્ય/અછાંદસ સોનેટ★ ★શબ્દો: ૧૩૦★

માડી તારાં, નવલાં નોરતાં, વર્ષે ચાર વાર આવે;
ભાવિક ભક્તો ભજતાં તેને જેને જે જેતે ફાવે!

પેલા પ્રથમ, ત્રણ દિવસો, નાશ જે અશુદ્ધતાના;
નિષ્ફળ થાયે એ પૂજાથી, ગૂઢ ઘાટ વિધાતાના!

બીજા દાડા ત્રણ વળીજે, ધન ધાન લક્ષ્મી કેરા;
પ્રાપ્તિ થાતી જર જમીન જોરૂ, લુંટ સાચા ફેરા!

છેલ્લા બાકી, રહ્યા ત્રણમાં, શુદ્ધિ બુદ્ધિ વધારો;
પામો મોક્ષને, કરી જ્ઞાન પ્રાપ્તિ સ્વર્ગે સૌ પધારો!

દાડા નવે, છતાં ગણાય ચૈત્ર નવરાત્રી આસોની;
આદ્ય શક્તિમાં, પૂરતી શ્રધ્ધા, જેમ કે શ્વાસોની!

ભાર્યા માતા, પુત્રી સ્વરૂપે, ચોપાસ રહે છે તારીઃ
તે શાસ્ત્ર શસ્ત્ર! ગા નાચ, કર માન જા ઓવારી!

લેવા મેવા, શરણ પુરુષ માત્ર, કરતા સૌ નારીનું;
સીધો સાદો બોધ, ધર ધ્યાન, પંડે માતા તારીનું!

રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય- ★ચૈત્રી
આભાર - નિહારીકા રવિયા નવરાત્રી★
શીર્ષક-“★દુર્ગામાતાની ભક્તિ આરાધનાનો અવસર★”
પ્રકાર-ગદ્ય શબ્દ- ૩૪૮

આપણે જાણીએ છીએ તેમ નવરાત્રી એ શક્તિની આરાધનાનું ભક્તિપર્વ છે. નવરાત્રી એટલે દુર્ગામાતાના જુદા જુદા સ્વરૂપની આરાધનાનો નવ રાત્રીનો સમૂહ, જેમાં શ્રદ્ધા અને ભક્તિભાવથી ભાવકો માતાજીના વિવિધ સ્વરૂપોનીની પૂજા, અર્ચના અને સ્તુતિ કરે છે. આપણે બધા આસો માસમાં આવતી મહાનવરાત્રીના પર્વ અને તેની ઉજવણી વિશે વધારે અવગત છીએ. આ નવરાત્રીને આપણે મહાનવરાત્રી તરીકે જાણીએ છીએ, જે શરદ ઋતુમાં આવતી હોવાથી શારદીય નવરાત્રી તરીકે પણ ઓળખાય છે. બીજી નવરાત્રી ચૈત્ર માસમાં આવે છે, જે વસંત ઋતુમાં આવતી હોવાથી તેને વસંત નવરાત્રી અથવા ચૈત્રી નવરાત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ બંને નવરાત્રીઓ ઋતુઓના ફેરફારના સમય ઉપર આધારિત છે. ચૈત્રી નવરાત્રી શિયાળાની વિદાય અને ગ્રીષ્મના આગમનના દિવસોમાં જ્યારે શારદીય નવરાત્રી વર્ષાઋતુની વિદાય અને શિયાળાના આગમનના દિવસોમાં આવે છે. ત્રીજી નવરાત્રી છે જેને ગુપ્ત નવરાત્રી તરીકે ઓળખવામાં આવે છે જે સામાન્ય રીતે ગ્રીષ્મની વિદાય અને વર્ષાઋતુની શરૂઆતના સમયમાં આવે છે.

જે માતાજીના સાધકો હોય છે તેમના માટે આ ત્રણેય નવરાત્રી દુર્ગામાતાની આરાધના માટેનું વિશેષ પર્વ બની જાય છે. ચૈત્રી નવરાત્રીમાં પણ સાધકો નવ દિવસ ઉપવાસ રાખે છે અને દુર્ગા માતાની પૂજા, અર્ચના, સ્તુતિ અને હવન આદિ પ્રકારે ભક્તિમય આરાધના કરે છે. લોકમાનસમાં આસો મહિનામાં આવતી મહાનવરાત્રી વધારે છવાયેલી હોય છે કારણ કે શક્તિની આરાધના સાથે સાથે સુંદર ઋતુનો સમન્વય થાય છે અને લોકો અને ખાસ કરીને યુવા વર્ગ ગરબા, નૃત્ય અને લોકસંગીત સાથે આ પર્વની ભવ્ય ઉજવણી કરે છે.

જમ્મુમાં આવેલ વૈષ્ણોદેવી ના મંદિરમાં પણ ચૈત્રી નવરાત્રીની ઉજવણી જોશભેર થાય છે. ચૈત્રી નવરાત્રી રામ નવરાત્રી તરીકે પણ પ્રસિદ્ધ છે કારણ કે ચૈત્ર મહિનાની નોમના દિવસે રામનવમી આવે છે. એવું માનવામાં આવે છે કે મા દુર્ગાની પૂજા મૂળભૂત રીતે ચૈત્ર માસમાં કરવામાં આવતી હતી તેથી તેનું માહાત્મ્ય વિશેષ છે. ચૈત્રી નવરાત્રીની ઉજવણી ઉત્તર ભારતના રાજ્યો હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ અને હરિયાણા વગેરે રાજ્યોમાં મોટે પાયે થાય છે. તેઓ ચૈત્રી નવરાત્રી દરમિયાન વ્રત, ઉપવાસ અને દુર્ગા માતાની પૂજા અર્ચના કરે છે અને ક્યાંક ક્યાંક મેળાઓનું આયોજન પણ થાય છે.

આમ ચૈત્રી નવરાત્રી એ દુર્ગામાતાની ભક્તિ આરાધનાનો અવસર છે. શક્તિની આરાધનાથી માતાજીની કૃપા રહે છે અને સુખ, શાંતિ અને ધારેલ કામમાં સફળતા પ્રાપ્ત થાય છે.
નિખિલ કિનારીવાળા, અમદાવાદ

# નર્મદા ઉત્તરવાહિની પરિક્રમાના રૂટ પર પર્યાવરણ પ્રેમીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન




નર્મદાની ઉત્તરવાહિની પંચકોશી પરિક્રમાનો દસ દિવસ અગાઉ પ્રારંભ થઈ ચૂક્યો છે. આ પરિક્રમા કરવા રોજ સેકડો લોકો આવે છે પરિક્રમા દરમિયાન આવતા લોકો દ્વારા પ્લાસ્ટિક સહિતનો કચરો જ્યાં ત્યાં ફેંકવામાં આવે છે. આ કચરાની સફાઈ કામગીરી પર્યાવરણ પ્રેમીઓએ ઉપાડી લીધી છે. આ પર્યાવરણ પ્રેમીઓ પોતાના કામ ધંધામાંથી મુક્ત થઈ શનિ-રવિ આ કામ કરે છે. અત્યાર સુધીમાં એક શનિ રવિની કામગીરીમાં ૭૦ કિલોથી વધુ પ્લાસ્ટિક સહિતનો કચરો એકત્રિત કરીને નક્કી કરેલા સ્થાને તેનો નિકાલ કરવામાં આવ્યો છે.

દેવસ્ય ફાઉન્ડેશન, ફ્રી ધ ટ્રી ડ્રાઈવ નેચર વોક ગ્રુપ મિશન ગ્રીન વડોદરા, વિશ્વામિત્રી પદયાત્રા અને વનવગડોના સ્વયંસેવકોએ ઉત્તર વાહિની નર્મદા પરિક્રમા સ્વચ્છતા અભિયાન ૨૦૨૫ નું આયોજન કર્યું છે જેમાં ૧૫ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો નર્મદા જિલ્લાના તિલકવાડાથી સ્વચ્છતા અભિયાન ચાલુ કર્યું હતું, અને રેંગણઘાટ સુધી સ્વયંસેવકો પરિક્રમાના રૂટ ઉપર કચરાની થેલી લઈ નીકળી પડ્યા હતા અને રસ્તામાં પ્લાસ્ટિકની કોથળીઓ થર્મોકોલ સહિતનો કચરો એકત્રિત કરીને આવતા જતા લોકોને પ્લાસ્ટિક કચરા અને તેનાથી પ્લાસ્ટિકના પ્રદુષણથી ઊભું થતું જોખમ અંગે લોકોને સમજ આપી હતી. જ્યાં ત્યાં પ્લાસ્ટિકનો કચરો નહીં ફેંકવા અને ડસ્ટબિનમાં જ ફેંકવા અનુરોધ કર્યો હતો. સ્વયંસેવકોએ તિલકવાડા મામલતદાર ઓફિસ અને માંગરોળના સત્તાધીશોને પત્ર લખીને પર્યાવરણ પ્રત્યે ચિંતા વ્યક્ત કરીને કચરાના નિકાલ માટે જરૂરી વ્યવસ્થા ઊભી કરવા અનુરોધ કર્યો હતો. જોકે લોકોમાં હવે જાગૃતિ આવી છે, પરંતુ તંત્ર દ્વારા જ્યાં ડસ્ટબિન મૂકવામાં આવ્યા છે તે તરત ભરાઈ જતા હોવાથી તેને ખાલી કરવાની તકેદારી રાખવાની જરૂર છે જેથી કરીને કચરો છલકાઈને બહાર વેરાય નહી. આ ગ્રુપને હજુ ત્રણ શનિ-રવિ સ્વચ્છતા અભિયાનની કામગીરી કરવાની તક મળશે.

# પ્રેમમાં પાગલ પત્નીએ જ કરાવી પતિની હત્યા : જામનગર નજીક બુલેટ પર નીકળેલા યુવાનની કારની ઠોકરે હત્યાની ઘટનાથી ચકચાર

જામનગર-કાલાવડ ધોરી માર્ગ પર વિજરખી ગામ પાસે ગઈકાલે એક કાર અને બુલેટ મોટરસાયકલ વચ્ચે અકસ્માત સર્જાયો હતો, અને બુલેટ ચાલક યુવાનનું મૃત્યુ નીપજ્યું હતું. પોલીસની ઊંડાણપૂર્વકની તપાસમાં કાર ચાલકે ઈરાદાપૂર્વક બુલેટ ચાલકને કચડી નાખ્યો હોવાનું અને તેમાં પ્રેમ પ્રકરણ કારણભૂત હોવાનું તેમજ પ્રેમમાં અંધ બનેલી પત્નીએ પોતાના પ્રેમી મારફતે પતિનું કાસળ કઢાવી નાખ્યાનું સામે આવતાં પોલીસ તંત્ર ચોકી ઉઠ્યું છે, અને પતિની હત્યા અંગે પત્ની અને પ્રેમી સામે ગુનો નોંધ્યો છે.આ ચકચાર જનક બનાવની વિગત એવી છે, કે મૂળ કાલાવડ તાલુકાના પીઠડીયા ગામના વતની અને હાલ જામનગરમાં રણજીત સાગર રોડ પર રહેતા રવિ ધીરજલાલ મારકણા નામનો ૩૦ વર્ષનો યુવાન ગઈકાલે સાંજે છ વાગ્યાના અરસામાં પોતાનું જીજે ૨૭ ડી.જે ૯૩૧૦ નંબરનું બુલેટ મોટર સાયકલ લઈને કાલાવડથી જામનગર તરફ આવી રહ્યો હતો. જે દરમિયાન આશરે છ વાગ્યાના અરસામાં તેની પાછળ આવી રહેલી જી.જે.૨૦ એ.ક્યુ. ૮૨૬૨ નંબરની થાર જીપના ચાલકે તેઓને ઠોકર મારી દેતાં અકસ્માત સર્જાયો હતો, અને તેમાં બુલેટ ચાલક રવિ મારકણાનું ગંભીર ઈજા થયા બાદ મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું હતું.

તેથી સમગ્ર બનાવમાં પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ કરવામાં આવી હતી, અને કારના ચાલક અક્ષય છગનભાઇ ડાંગરિયાને શોધી લેવાયો હતો, અને તેની ઘનિષ્ઠ પૂછપરછ ચલાવાઈ રહી હતી.



મોડેથી પોલીસને સમગ્ર પ્રકરણમાં આ બનાવ અકસ્માતનો નહીં, પરંતુ હત્યાનો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. અને કારચાલક અક્ષય ડાંગરિયાએ આ હત્યા કરી હોવાની કબુલાત આપી હતી.

પોતે મૃતક રવિની પત્ની રીકલ સાથે છેલ્લા બે વર્ષથી પ્રેમ સંબંધ ચલાવી રહ્યો હોવાનું કબૂલી લીધું હતું, તેમાં પત્ની રીકલે જ પતિ રવિ મારકણા બુલેટ લઈને નીકળે છે, તે પ્રકારનું લોકેશન આપ્યું હતું, અને જેના લોકેશન અને પૂર્વયોજિત કાવતરાના આધારે ગઈકાલે સાંજે તેની હત્યા કરી નાખી હોવાનું બહાર આવ્યું હતું. અને આરોપી અક્ષય ગઈકાલે સાંજે કાલાવડથી જામનગર તરફના માર્ગે બુલેટનો પીછો કરીને વિજરખી પાસે મોકો ગોતી હત્યા કરી નાખ્યાનું ષડયંત્ર બહાર આવ્યું છે. જેની આરોપી દ્વારા કબુલાત પણ કરી લેવાઈ છે, અને મૃતકની પત્ની રીંકલ તેમાં સામેલ હોવાનું પણ જણાવી દીધું હતું.

જેથી આ સમગ્ર બનાવમાં પોલીસે કાર કબ્જે કરી લીધી છે, તેમજ મૃતક રવિના પિતા ધીરજલાલ મારકણાની ફરિયાદના આધારે આરોપી અક્ષય ડાંગરિયા અને મૃતક રવિની પત્ની રીંકલ સામે હવત્યા અંગેનો ગુનો નોંધી લીધો છે, અને સમગ્ર પ્રકરણમાં ઊંડાણપૂર્વકની તપાસ ચલાવાઈ રહી છે. પોલીસ તપાસ દરમિયાન આરોપી કે જેણે પ્રેમમાં અંધ બની ગયા બાદ પોતાની પત્નીને છૂટાછેડા પણ આપી દીધા હોવાનું સામે આવ્યું છે. રીકલના પ્રેમ સંબંધના કારણે પત્ની સાથે અવારનવાર ઝઘડા બાદ છુટાછેડા અપાયા હતા.

# અમદાવાદ જિલ્લા આશ્રમશાળા કર્મચારી સંઘની સાધારણ સભા યોજાઈ



આજરોજ મારૂતિ નંદન આશ્રમશાળા, સરખેજ ખાતે અમદાવાદ જિલ્લા આશ્રમશાળા કર્મચારી સંઘની સાધારણ સભા યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં આશ્રમશાળાના કર્મચારીઓના વર્ષોથી વિવિધ પડતર પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

૧. આશ્રમશાળા કર્મચારીઓની નોકરી સળંગ ગણવા બાબત

૨. આશ્રમશાળામાં ગૃહમાતા અને ગૃહપતિની જુદી જુદી જોગવાઈ કરવાની જરૂરિયાત

૩. કર્મચારીઓને બદલી (ટ્રાન્સફર)નો લાભ આપવો

૪. આશ્રમશાળાના કર્મચારીઓને ફાજલનું રક્ષણ મળવા બાબત

૫. મેડિકલ ભથ્થું ?૩૦૦ ને બદલે ?૧૦૦૦ કરવાનો મુદ્દો

૬. કોર્ટે મેટર માં ચાલી રહેલ પ્રગતિ અને સમભાવનાઓની ચર્ચા

૭. સાતમા પગારપંચના એરિયર્સનું ચુકવણું કરવામાં આવે

૮. ફરજ બજાવતા કર્મચારીઓને ?૪૨૦૦ ગ્રેડ પે આપીને ઉચ્ચતર પગાર ધોરણ લાગુ કરવો

આ સિવાય પણ અનેક પ્રશ્નોની ચર્ચા વિચારણા કરી. આ તમામ મુદ્દાઓ અંગે રાજ્ય સરકાર સમક્ષ યોગ્ય રજુઆત કરીને સુખદ સમાધાન લાવવા માટે સંઘના પ્રમુખ શ્રી કિરણકુમાર પટેલ, મંત્રી શ્રી પ્રહલાદભાઈ સોલંકી, ખજાનચી શ્રી અશોકભાઈ પટેલ તથા સભ્યો શ્રી ભાવેશભાઈ પ્રજાપતિ, મુકેશભાઈ રાઠોડ, જીતુભાઈ પરમાર, સાગરભાઈ પટેલ, કનુભાઈ વણકર અને હેમંતભાઈ પટેલની આગેવાનીમાં પ્રયાસ કરવામાં આવશે.તેવુ આજની સાધારણ સભામા નિર્ણય લેવામાં આવ્યા હતા.

## રાષ્ટ્રપતિ મુર્મુની વિદેશ યાત્રા : ભાવનગરના સાંસદ નિમુબેન બાંભણિયા સહિત ગુજરાતના બે એમ.પી. પોર્ટુગલ- સ્લોવાકિયાના પ્રવાસમાં જોડાયા

મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૬થી ૧૧ એપ્રિલ દરમિયાન પોર્ટુગલ અને સ્લોવાકિયાના પ્રવાસે રવાના થયા છે. આ પ્રવાસમાં ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય રાજય મંત્રી નિમુબેન બાંભણિયા સહિત ગુજરાતના બે સાંસદોની પસંદગી કરી સમાવેશ કરવાના આવ્યો છે ત્યારે ભાવનગર - બોટાદ સંસદીય વિસ્તાર માટે ગૌરવપૂર્ણ ઘટના બની રહી છે.દેશના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુજીની અધ્યક્ષતામાં ડેલીગેશન તા.૭ થી ૧૧ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન વિદેશ પ્રવાસે છે. આ ડેલીગેશન સાથે પોર્ટુગલ અને સ્લોવાકીયાની મુલાકાત કરનાર છે. ત્યારે તેમાં ભાવનગરના સાંસદ એવમ કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાને સ્થાન મળતા આનંદની લાગણી છવાઈ છે.

કેન્દ્રીય રાજય મંત્રી નિમુબેન બાંભણિયા ઉપરાંત લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ તથા મધ્યપ્રદેશના સાંસદ સંધ્યા રાય પણ ભારતનું પ્રતિનિધિત્વ કરશે. રાષ્ટ્રપતિના આ પ્રવાસ દરમિયાન બંને દેશો સાથે રાજકીય અને વ્યાપારિક સંબંધો મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. પ્રતિનિધિ મંડળને રાષ્ટ્રીય સન્માનથી નવાજવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં યુવા અને શિક્ષિત સાંસદોને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

# મુંબઈના બોસ્કો પાયર્સ પ્રતિષ્ઠિત સન પ્રિન્સેસના હોટેલ જનરલ મેનેજર બન્યા



"સન પ્રિન્સેસ", પ્રિન્સેસ ક્રૂઝ દ્વારા બનાવવામાં આવેલ અત્યાર સુધીનું સૌથી મોટું જહાજ, જેમાં એક મહાકાવ્ય ગોળાકાર કર્ણક, સૌપ્રથમ જીઓડેસિક ડોમ, નવીન મનોરંજન સ્થળો અને પ્રીમિયમ સ્યુટ્સનો સમાવેશ થાય છે. આધુનિક એન્જિનિયરિંગ અને જહાજ સ્થાપત્યનો એક વાસ્તવિક અજાયબી, સન પ્રિન્સેસ મહત્તમ ૪,૩૦૦ મહેમાનોની ક્ષમતા અને ૧,૬૦૦ ક્રૂ માટે જગ્યા ધરાવે છે. તેમાં ૨,૧૫૭ સ્ટેટરૂમ અને ૮૦ સ્યુટ્સ છે.જૈન સોશિયલ ગ્રુપ બેવર્લી હિલ્સના સ્થાપક અને પ્રમુખ અને ૧૧૮,૦૦૦ વૈશ્વિક સભ્યોના જૈન સોશિયલ ગ્રુપ ઇન્ટરનેશનલ ફેડરેશનના આંતરરાષ્ટ્રીય ઉપપ્રમુખ, અગ્રણી ભારતીય અમેરિકન રાજેન્દ્ર વોરા તેમની પત્ની સોનલ સાથે સન પ્રિન્સેસમાં સવાર હતા."સન પ્રિન્સેસ" ફોર્ટ લોડરડેલ, ફ્લોરિડાથી બાર્સેલોના, સ્પેનમાં જઈ રહી હતી જ્યાં હોટેલ જનરલ મિનિસ્ટર ટેરી સાયબુલિયાક, રેસ્ટોરન્ટ ઓપરેશન્સના ક્લાઉડિયો ગ્લુલિયાની ડીર, ડોમિનિક રોડ્રિગ્ઝ રેસ્ટોરન્ટ મેનેજર અને શેફ બાબુ શેટ્ટીએ રાજેન્દ્ર વોરાનો જન્મદિવસ ઉજવ્યો.

"કેપ્ટન પછી, ટોચના રેન્કિંગ એક્ઝિક્યુટિવ હોટેલ જનરલ મેનેજર, જે ૧૦૦૦+ થી વધુ કર્મચારીઓનું સંચાલન કરે છે, તેમણે મારા જન્મદિવસને યાદગાર બનાવ્યો" શ્રી વોરાએ કહ્યું. તેમણે તેમને ઓવરસીઝ મંગળયાત્રા મેગેઝિન ભેટમાં આપ્યા અને જો શક્ય હોય તો એક ખાસ શાકાહારી રેસ્ટોરન્ટ બનાવવાની અપીલ કરી જ્યાં જૈન ભોજનના વિકલ્પો પણ જહાજ પર ઓફર કરી શકાય.એટલાન્ટિક મહાસાગરથી ભૂમધ્ય મહાસાગર સુધી ક્રૂઝ કર્યા પછી, શ્રી વોરા બાર્સેલોનામાં ઉતરવાના ૧૪મા દિવસે હતા જ્યાં તેમને બીજું એક સુખદ આશ્ચર્ય થયું. શ્રી બોસ્કો પીરેસે રાજેન્દ્ર વોરાને કહ્યું, "ગુડબાય ન કહો, તેના બદલે ટૂંક સમયમાં મળીશું". મુંબઈના ભારતીય મૂળના શ્રી બોસ્કો પીરેસે સન પ્રિન્સેસના હોટેલ જનરલ મેનેજર તરીકે નવો ચાર્જ સંભાળ્યો છે. તેમણે રાજેન્દ્ર વોરાનું સ્વાગત કર્યું અને બાર્સેલોના બંદર પર ઉતરતા પહેલા વિચારોનું આદાન-પ્રદાન કર્યું.



આજરોજ વેજલપુર જીક્ષાસા સોસાયટી ખાતે સીતારામ યુવક મંડળ દ્વારા શ્રી ભીડ ભંજન હનુમાન મંદિરે રામનવમી જંયતી નિમિતે અનકુટ તેમજ મહા આરતી નુ આયોજન કરવા મા આવ્યુ હતુ આ કાર્યક્રમ મા મંડળ ના જયવંતસિહ વાઘેલા મ્યુનિસિપલ કાઉન્સિલર દિલીપ બગડીયા વોર્ડ પ્રમુખ દેવાંગ મહેતા તેમજ સોસાયટી ના લોકો મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા






Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.